તારા વિના શ્યામ મને એકલડુ લાગે, રાસ રમવાને વ્હેલો આવ, આવ શ્યામ... તારા વિના શ્યામ...

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૧૯ | ૧૯ ઓક્ટોબર, ૨૦૧૫, સોમવાર ; આસો સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- હવે સ્ટાર્ટઅપ ઇન્ડિયા અંગે મહત્વની જાહેરાત થઇ શકે
- આઈપીએલમાંથી ચેન્નાઇ-રાજસ્થાનને દૂર નહીં કરાય
- રેલવેમાં પાંચ વર્ષમાં ૮.૫ લાખ કરોડનું રોકાણ કરાશે
- મહિલા વિરૂદ્ધ ગુના બનશે ત્યાં સુધી અવાજ ઉઠાવીશું : કેજરીવાલ
- કોંગ્રેસના ૬૦ પ્લસ નેતાઓ માટે હવે ટાઈમઅપ : જયરામ રમેશ
- રેલવે નીર કૌભાંડમાં બે રેલવે અધિકારી ઝડપાયા
- પાક હિન્દુઓને પરત જતાં રહેવા માટેના આદેશ જારી
- બિહારમાં નરેન્દ્ર મોદીની કોઇ પણ રેલીને રદ કરાઇ નથી : રવિ શંકર પ્રસાદ
- દેશમાં ગૌહત્યાને રોકવા મોદી પહેલ કરે તે જરૂરી : બાબા રામદેવ
- કઠોળ ઉપર સ્ટોક લિમિટ લાદવા સરકારનો નિર્ણય
- પ્રોટીન આધારિત ભોજનથી હાડકાના દુખાવા દૂર રહે છે

# હાર્દિકની ક્રિકેટ સ્ટેડિયમ નજીક અટકાયત

### હાર્દિકની યોજના પર પાણી ફરી વળ્યું : મેચ પહેલા જ અટકાયત : હાર્દિકની સાથે સાથે અન્ય સમર્થકોને પણ અટકાયતમાં લીધા બાદ એસઆરપી હેડક્વાર્ટર લઇ જવાયા : અન્ય ચાહકની જેમ મેચ જોવા આવ્યો હતો : હાર્દિક



રાજકોટ,તા. ૧૮

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રાજકોટની મેચમાં ખલેલ પહોંચાડવાની ધમકી આપનાર પટેલ ક્વોટા આંદોલનના નેતા હાર્દિક પટેલની આજે મેચ પહેલા જ અટકાયત કરી લેવામાં આવી હતી. આની સાથે જ હાર્દિકની યોજના ફ્લોપ રહી હતી. હાર્દિકની તમામ યોજના ઉપર પાણી ફરી વળ્યું હતું. હાર્દિકે રાજકોટ મેચમાં ખલેલ પહોંચાડવાની ધમકી આપ્યા બાદથી જ જટિલ સમસ્યા ઉભી થઇ ગઇ હતી. સરકાર સામે મેચને શાંતિપૂર્ણરીતે પાર પાડવા માટે પડકાર હતો પરંતુ આજે મેચ પહેલા જ તેની અટકાયત કરી લેવામાં આવી હતી. તેની અટકાયતના મિનિટો પહેલા જ અનામતની માંગણીને લઈને વનડે મેચના સ્થળ ઉપર દેખાવ કરવાની અગાઉ ધમકી આપનાર ૨૨ વર્ષીય નેતાએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તે માત્ર સામાન્ય ચાહકની જેમ મેચ જોવા માટે ઈચ્છુક છે.

તેની ધમકી બાદ રાજકોટ વહીવટીતંત્રએ જિલ્લામાં મોબાઈલ ઈન્ટરનેટ સર્વિસ ઉપર પ્રતિબંધ મુકી દીધો હતો. સાથે સાથે સ્ટેડિયમની આસપાસ કલમ ૧૪૪ લાગૂ કરવામાં આવી હતી. શનિવારે રાત્રે ૧૦ વાગ્યાથી લઈને મેચ પુરી થાય ત્યાં સુધી રાજકોટમાં ઈન્ટરનેટ પર પ્રતિબંધ મુકાયો હતો. હાર્દિકનીશહેરમાં સ્ટેડિયમ તરફથી આગળ વધી રહ્યો હતો ત્યારે માધાપર ચાર રસ્તા ખાતેથી તેની અટકાયત કરી લેવામાં આવી હતી. કોઈપણ અનિચ્છનીય બનાવને ટાળવા માટે પહેલાથી જ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સુરક્ષા માટે સ્ટેડિયમમાં ત્રણ યુએવી અને ૧૦૦ સીસીટીવી કેમેરા મુકવામાં આવ્યા હતા.

પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિકની ધમકી બાદથી ઉત્તેજના પ્રવર્તી રહી હતી. હાર્દિકની સાથે તેના ચાર સમર્થકોની પણ અટકાયત કરવામાં આવી હતી. રાજકોટ ગ્રામીણના પોલીસ અધિકારી ગગનદીપ ગંભીરે કહ્યું હતું કે, હાર્દિકને શહેરના પરા વિસ્તારમાં ઘંટેશ્વર વિસ્તારમાં એસઆરપી હેડક્વાર્ટર ખાતે લઈ જવાયો હતો. હાર્દિકે કહ્યું હતું કે, અમે વિરોધ કરવા માટે આવ્યા ન હતા પરંતુ પાટીદારો સાથે મેચ જોવા માટે ઈચ્છુક હતા. અન્ય સમર્થકોની સાથે જ અમે પણ મેચ જોવા પહોંચ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## રાજકોટના મેદાન પર હાઉસફુલનો શો રહ્યો

રાજકોટ,તા.૧૮

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે રાજકોટમાં ત્રીજી વનડે મેચ રમાઈ હતી. આ મેચ દરમિયાન જોરદાર ક્રિકેટ ક્રેઝ જોવા મળ્યો હતો. મેદાનમાં હાઉસફુલની સ્થિતિ રહી હતી. મોટી સંખ્યામાં લોકો મેચ જોવા માટે પહોંચ્યા હતા. બીજી બાજુ આ મેચને શાંતિપૂર્ણરીતે પાર પાડવા માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા. પોલીસે પહેલાથી જ તૈયારી કરી હતી. પાટીદાર અનામત આંદોલન સમિતિના લીડર હાર્દિક પટેલે ખલેલ પહોંચાડવાની ગઈકાલે ધમકી આપ્યા બાદથી જ તમામ સુરક્ષાના પગલા લેવાયા હતા. મેદાનની આસપાસ વિશેષ સુરક્ષા રાખવામાં આવી હતી. ૧૦૦ સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર





એ.. હાલો, ગરબે રમવા... આસોની રઢિયાળી રાત જામતી જાય છે... ગરબા ખેલૈયાઓમાં ઉત્સાહ દિવસે ને દિવસે વધતો દેખાઈ રહ્યો છે...

(તસવીર : પરમ ક્રિએશન)

# સ્થાનિક ચૂંટણી માટે અર્ધલશ્કરી દળની ૬૦૦ કંપનીની માંગ

### બે દશકમાં પ્રથમ વખત અભૂતપૂર્વ સંખ્યામાં કંપનીઓની માંગ : ગુજરાત હાઈકોર્ટમાં એફિડેવિટ દાખલ કરી માંગ

અમદાવાદ,તા. ૧૮

ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીને લઈને તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. આના ભાગરુપે મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવનાર છે. રાજ્ય ચૂંટણી પંચ (એસઈસી) દ્વારા બે દેશકમાં પ્રથમ વખત સ્થાનિક ચૂંટણી માટે અર્ધલશ્કરી દળની ૬૦૦ કંપનીઓની માંગણી કરી છે. ચૂંટણી શાંતિપૂર્ણરીતે પાર પાડવા માટેની તૈયારી હાથ ધરવામાં આવી છે પરંતુ હાલમાં જ પાટીદાર સમુદાયના આંદોલનના કારણે જટિલ સ્થિતિ ઉભી થઈ છે. ચૂંટણી માટે સીઆરપીએફની ૪૨૦ અને એસઆરપીની ૨૧૦ કંપનીઓની જરૂર પડશે તેવી રજૂઆત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચે પંચાયત ચૂંટણીને મોકૂફ રાખવાના વટહુકમને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી જાહેરહિતની અરજી ઉપર સુનાવણી દરમિયાન એફિડેવિટ દાખલ કરીને કહ્યું હતું કે, ગુજરાતને સીઆરપીએફની ૪૨૦ અને એસઆરપીએફની ૨૧૦ કંપનીઓની જરૂર પડશે.

રાજયમાં પ્રથમ વખત આટલી મોટી માત્રામાં સ્થાનિક ચૂંટણીમાં અર્ધલશ્કરી દળોની તૈનાતીની વાત કરવામાં આવી છે. પોલીસનું કહેવું છે કે, અર્ધલશ્કરી દળની માંગણી કરવામાં આવી છે. કારણ કે સરકાર સ્થાનિક સંસ્થાની ચૂંટણી દરમિયાન હિંસાને લઈને ખુબ જ સાવધાન છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ ન બગડે તેનો પણ હેતુ રહેલો છે. સ્થાનિક સંસ્થાની ચૂંટણીઓ ૨૦૧૦માં જુદા જુદા તબક્કામાં યોજાઈ હતી. રાજ્ય રિઝર્વ પોલીસ ફોર્સની કંપનીઓ, હોમગાર્ડ, બોર્ડર વિંગ જવાનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો પરંતુ પરિસ્થિતિ હવે જુદા પ્રકારની છે. પાટીદાર અનામત આંદોલનના પરિણામ સ્વરુપે સ્થિતિ જુદી દેખાઈ રહી છે. આજ કારણસર બહારથી અર્ધલશ્કરી દળોની માંગણી કરવામાં આવી છે. એફિડેવિટમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, અર્ધલશ્કરી દળો ઉપરાંત રાજ્યને સિનિયર ઓફિસરો ઉપરાંત ૩૭૦૮૭ આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટરોની જરૂર રહેશે.

## ગુજરાતમાં એસઆરપીની ૧૧૭ કંપની સેવારત

અમદાવાદ,તા.૧૮

રાજ્ય એસઆરપીએફની ૧૧૭ કંપનીઓ ધરાવે છે જે પૈકી ૮૦ કંપનીઓ રુટિન બંદોબસ્ત માટે રાજ્યમાં તૈનાત કરવામાં આવેલી છે. ગુજરાત હાઈકોર્ટમાં રાજ્ય ચૂંટણી પંચ દ્વારા દાખલ કરવામાં આવેલી એફિડેવિટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચે કોર્ટમાં એમ પણ કહ્યું હતું કે, ચૂંટણી ખુબ જ સંવેદનશીલ છે. કારણ પટેલ લીડરો ગામમાં પ્રવેશ નહીં કરવા રાજકારણીઓને મંજુરી આપી રહ્યા નથી. ચૂંટણીનો બહિષ્કાર પણ કરી રહ્યા છે.

અનામતને લઈને પાટીદાર સમુદાયના લોકો નાખુશ દેખાઈ રહ્યા છે. એફિડેવિટમાં જણાવ્યા મુજબ આણંદ અને નડિયાદમાં સૌથી વધારે અર્ધલશ્કરી દળોની જરૂર પડશે. કારણ કે, પાટીદાર વર્ચસ્વવાળા આ વિસ્તારો રહેલા છે. અહીં અનામત આંદોલન દરમિયાન પણ વધુ લોકો વિરોધ કરવા મેદાનમાં આવ્યા હતા.

માસ્ટર કોર્ષ-વર્ગ-૩
રેવન્યુ તલાટી, બિ. કલાર્ક
ફી માત્ર-9999/-
નોંધઃ- આ ફી પ્રથમ ૧૧ વિદ્યાર્થીઓ માટે જ લાગુ પડશે.
નવી બેચ તા.૨૬/૧૦/૧૫ થી શરૂ
Classmate ACADEMY
Hitesh Sir 98248 87985
સે.૩,ઘ-૧.૫ બસ સ્ટેન્ડની બાજુમાં, આંધ્રા બેન્કની પાસે, ગાંધીનગર

:: આમંત્રણ ::
" અરિહંત એક્સક્લુઝીવ "
નવા રંગ-રૂપ સાથે વિશાળ જગ્યામાં
વિગ્રહી સો કારણ આપના,
આગ્રહી છીએ આપની શુભેચ્છાના...
- હિરેન હસમુખરાય જાટકીયા
તારીખ : ૨૨-૧૦-૨૦૧૫(દશેરા) ગુરૂવાર
સમય : સવારે ૯ થી આપના આગમન સુધી
સ્થળ : પ્લોટ નં. ૧૯૮, બેઝમેન્ટ, સેકટર-૨૧
ફોન : ૦૭૯-૨૩૨ ૪૯૫૧૬, મો. : ૯૯૦૯૯ ૭૫૯૯૩
શુટીંગ શટીંગ, જેન્ટસ્ વિયર, ચિલ્ડ્રન વિયર, હેન્ડલુમ
સ્કુલ યુનિફોર્મ, સ્કુલ બેગ, સ્ટાફ યુનિફોર્મ, સિઝન વિયર




